જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૭/૦૭/૨૦૧૮ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૫૪/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૨૪૮ લીટર દેશી દારૂ, ૧૮૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૯૦ બિયર ટીન, ૧ રિક્ષા, ૧ સ્કૂટર અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૨૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૫૫/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૫૬/૧૮**

**ક્રાઈમ બ્રાન્ચઃ** યોગેંદ્રકુમાર ગોવિંદલાલ પટેલ (ઉવ.૨૨) (રહે.પુર્વી ટાવર સુભાષચોક મેમનગર) એ તા.૧૬/૭/૧૮ નારોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે સી.જી.રોડ સ્વાગત બીલ્ડીંગ ખાતે આરોપી અમૃતલાલ બબલદાસ પટેલ (રહે. સુરધારા બંગ્લોઝ થલતેજ) એ તા.૩૦/૦૪/૨૦૧૭ નારોજ પ્રોમેસરી નોટ લખી આપી સમજુતી કરાર મુજબ રૂપિયા ૧૧ કરોડ પેટે વડોદરામા આવેલ જમીનનો એક ટકા ભાગ તથા રૂપિયા ૩,૫૦,૦૦,૦૦૦/- નો ચેક આપેલ જે ચેક તા.૧૫/૦૭/૨૦૧૭ નારોજ યોગેંદ્રકુમાર પટેલના આઇ.ડી.બી.આઇ બેંક મેમનગર બ્રાંચ ખાતે ભરતા ચેક ક્લીયર નહી થતા જાણવા મળેલ કે અમૃતલાલ પટેલે તેમના એચડીએફસી બેંક ખાતામા સ્ટોપ પેમેંટ કરાવી યોગેન્દ્રકુમાર પટેલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ જે.એમ.પટેલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૩૫૭/૧૮**

**ચાંદખેડાઃ** જબ્બરસિંહ ભાટીભાઇ રાઠોડ (ઉ.વ.૩૩) (રહે. સવિતાનગર વિસત ગાંધીનગર હાઇવે મોટેરા ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૭/૧૮ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે ચાંદખેડા મોટેરા ગાંધીનગર હાઇવે અશોકવિહાર સર્કલ હેવમોર શોપ પાસે પોતાના મોટર સાયકલના હુકમાં ભરાવેલ બેગની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી પી.એસ.ચૌધરી ચલાવે છે.

**ઈસનપુરઃ** મહમદ પરવેઝ સાબીરમિયા રાઠોડ (ઉ.વ.૩૯) (રહે. ગામ-પ્રાંતિજ તા.-પ્રાંતિજ જી-સાબરકાંઠા) એ તા.૧૬/૭/૧૮ નારોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૭/૧૮ સાજના ૫/૩૦ થી ૬/૧૫ વાગ્યા દરમ્યાન ઈસનપુર શાહઆલમ દરગાહ અંદર મહમદ પરવેઝ રાઠોડના પત્નીની નજર ચુકવી પર્સમાંથી સોનાનો સેટ કિમત રૂપિયા ૪૦,૦૦૦/-, સોનાની બુટ્ટી કિમત રૂપિયા ૧૧,૦૦૦/- અને મોબાઈલ ફોન કિમત રૂપિયા ૧૦૦૦/- મતાની અજાણી વ્યક્તિએ ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ.ચાવડા ચલાવે છે.

<u>**વાહન ચોરીઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૧૩૫૮/૧૮**</u>

**નરોડાઃ** દલસુખભાઇ કસનાભાઇ મેડા (રહે.લક્ષ્મી સ્કાય સીટી નામની નવી બનતિ સાઇટ ઉપર મહાકાળી પેટ્રોલ પંપની પાસે, દાસ્તાન સર્કલ પાસે, રિંગ રોડ, નરોડા) એ તા.૧૦/૭/૧૮ સાજના ૭/૦૦ વાગે રહેણાંક નજીક મહીન્દ્રા મેક્સ પીક અપ ડાલુ ગાડી નંબર જીજે ૭ ટીટી ૯૧૪૪ કિમત રૂપિયા ૧,૩૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૧/૭/૧૮ કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ દલસુખભાઈ મેડાએ તા.૧૬/૭/૧૮ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી કે.આર.બામણિયા ચલાવે છે.

<u>**પડી જતા મૃત્યુઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૧૩૫૯/૧૮**</u>

**નારોલઃ** રાહુલકુમાર સન/ઓફ સુનીલ પાસવાન (ઉ.વ.૨૩) (રહે. દેવાભાઇ ભરવાડની ચાલી પીપળજ નારોલ) તા.૧૬/૭/૧૮ સવારના ૮/૧૫ વાગ્યાના સુમારે નારોલ પીપળજ ખાતે આવેલ વી.આર. પોલીફેબ (સિધ્ધાંત ફેશન) પ્રા.લી.કંપનીમાં કામ કરતા હતા ત્યારે અચાનક નીચે પડી જતાં ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.એ.એસ.આઇ.શ્રી બ્રીજરાજસિંહ દીલીપસિંહ ચલાવે છે.

<u>**આત્મહત્યાઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૧૩૬૦/૧૮**</u>

**સાબરમતીઃ** ખેમચંદ રામલાલ રાજપુત (ઉ.વ.૫૨) (રહે. તપોવનની ચાલી સીટી ગોલ્ડ સીનેમાની સામે મોટેરા રોડ સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૧૩/૭/૧૮ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૭/૧૮ બપોરના ૩/૨૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શનાભાઇ ધુળાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.